# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

## Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

◆ વર્ષઃ ૫, ◆ અંકઃ ૨, ◆ સળંગ અંકઃ ૪૯, ◆ તા.૨૧/૧૧/૨૦૨૦, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂ.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂ.૨૦૦/- (કુરીયર સાથે રૂ.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.
Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

# નોટબંધીના આ ચાર વર્ષ !!!

# શું આવ્યો ફેરફાર, શું આવી શકે છે ફેરફાર???

## શું બદલાયું છે જમીની સ્તરે? આવો જાણીએ તજજ્ઞો તથા વેપારી અગ્રણીઓ પાસેથી....

ભાઈઓ તથા બહેનો.... ૦૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ રાત્રિના ૮ કલાકે જ્યારે પ્રધાનમંત્રી મોદીએ નોટબંધીની જાહેરાત કરી અને ભારત અને ભારતીયોના જીવનમાં અભૂતપૂર્વ પરીવર્તન આવી ગયું. આજે આ નોટબંધીની જાહેરાતને ચાર વર્ષનો સમય વ્યતીત થઈ ગયો છે. શું હતો આ નોટબંધીનો હેતુ?? શું આ હેતુ ચાર વર્ષ બાદ પૂર્ણ થયો છે?? શું પરિસ્થિત છે જમીનીસ્તરે ચાર વર્ષ પછી?? આ લેખમાં વેપારી આગેવાનો, ટેક્સ ક્ષેત્ર સાથે જોડાયેલ નિષ્ણાંતો, ડોક્ટર સાથે આ પ્રશ્નો અંગેના વિચારો રજૂ કરી વાસ્તવિક્તા દર્શાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આ લેખમાં અમે આગેવાનોને નીચેના પ્રશ્નો ઉપર પોતાના વિચારો રજૂ કરવા આગ્રહ કરવ્યો હતો.

- શું જમીની સ્તરે નોટબંધી બાદ રોકડનું ચલણ ઘટ્યું? શું નોટબંધી બાદ બેન્ક-ક્રેડિટ કાર્ડનો ઉપયોગ વધ્યો છે?
- શું રહ્યો છે અવરોધ નોટબંધી સફળ થવામાં?
- શું નોટબંધી બાદ લોકોની માનસિકતામાં કોઈ ફેર આવ્યો છે?
- શું નોટબંધી બાદ ટેક્સ ભરનારાઓંની સંખ્યામાં વધારો થયો છે?

### દીપકભાઈ પોપટ
**વરિષ્ઠ રેવન્યુ એડવોકેટ, ઉના**

એક એડવોકેટ તરીકે હું માનું છું કે નોટબંધી આર્થિક રીતે કદાચ જોઈએ તેટલી સફળ ના રહી હોય પણ લોકોની માનસિકતા બદલવામાં ચોક્કસ સફળ રહી છે. રેવન્યુ એડવોકેટ તરીકે હું શાક્ષી છું કે જે લોકો મિલકતના વ્યવહારો બેન્ક વડે કરવાનું ટાળતા હતા તેઓ હવે બેન્ક વડે વ્યવહાર કરવાનો આગ્રહ કરે છે. આ ઉપરાંત ટેક્સ ભરવા અને રિટર્ન ભરવા માટેના વિચારોમાં સકારાત્મક પરીવર્તન પણ આવ્યું છે એવું હું માનું છું.

### CA ચિંતન પોપટ,
**વડોદરા, કો-એડિટર, ટેક્સ ટુડે**

નોટબંધી બાદ ચોક્કસ પણે લોકોના અભિગમમાં ફરક પડ્યો છે, પરંતુ રોકડ વ્યવહારોને શૂન્યવત કરવા, ભારત દેશના દરેક નાગરિક માટે નાના ગામોમાં પણ માળખાગત સુવિધાનો અભાવ (અવિરત ઈન્ટરનેટ, પ્લાસ્ટિક મની એટલે કે ડેબિટ ક્રેડિટ કાર્ડ ડેબિટ કાર્ડ) હોવાના કારણે હજુ પણ મહદ અંશે દૂર છે. રોકડા વ્યવહારો હજુ પણ મોટા પ્રમાણમા કરવામાં આવે છે. નોટબંધી વખતે મારા મત મુજબ અમુક લોકોએ નાના આર્થિક ફાયદા માટે પોતાના બેંક ખાતામાં જૂની ચલણી નોટો જમા કરાવી નવી ચલણી નોટો બદલી કરાવી આપી એ સૌથી મોટો અવરોધ ગણી શકાય. જયારે નોટબંધી લાગુ થઈ ત્યારે જે લોકો પાસે કાળું નાણું હતું એમની રાતોની ઊંઘ ઉડી ગઈ હતી પરંતુ, ૨૦૦૦ જેટલી મોટા આંક વાળી ચલણી નોટો એ પાછો કાળા નાણાંનો સંગ્રહ સરળતાથી વધારવાનો મોકો આપ્યો. લોકોની માનસિક્તા કરતા મારા મત મુજબ માળખાગત ફેરફારો વધારે મહત્વનો ભાગ ભજવે છે. એક ઇકોનોમિક સર્વે મુજબ, નોટબંધી બાદ, ઇનકમ ટેક્સ ભરવા વાળા લોકોની સંખ્યામાં માસિક ૦.૮% એટલે કે વાર્ષિક ૧૦% લોકોનો વધારો જોવા મળ્યો પરંતુ આજે પણ ટેક્સ ભરવા વાળો વર્ગ, દેશની કુલ જન સંખ્યાના પ્રમાણે બહુ જૂજ ગણી શકાય. મારે ટેક્સ ટુડે ના એડિટર અને વકીલ ભવ્યભાઈ પોપટના આ આર્ટિકલના માધ્યમથી સરકારને એવું સૂચન કરવું છે કે જો ટેક્સ ભરવા વાળા વર્ગેને જો કોઈ ચોક્કસ ફાયદો જેમ કે સ્વાસ્થ્ય, શિક્ષણ, સુરક્ષા કે સરકારી સેવામાં રાહતો અથવા તો પ્રાથમિક્તા આપવામાં આવે તો આ હકારાત્મ પગલાંથી વધારે લોકો ને ટેક્સ ભરવા પ્રેરાય શકે છે.

### ડો. આશિષ વકીલ,
**ગાયનેકોલોજિસ્ટ, સેક્રેટરી-ઉના, IMA, ઉના**

એક તબીબી તરીકે ઘણા બધા પ્રકારના લોકો સાથે મુલાકાત થતી હોય છે. અવારનવાર નોટબંધી અંગેની ચર્ચા પણ થતી હોય છે. મારા મતે નોટબંધી બાદ રોકડના ચલણમાં અંદાજિત ૧૦% જેવો ઘટાડો થયો હશે એવું મારૂ માનવું છે. ડેબિટ-ક્રેડિટ કાર્ડનો ઉપયોગ ચોક્કસ વધ્યો છે. હજુ પણ દરેક જગ્યા એ ક્રેડીટ કાર્ડ મશીન કે ચેકની પ્રબળ નીતિ અને લોકોના એજ્યુકેશનના અભાવે પણ લોકો બેંકમાં જવાનું ટાળે છે અને બેંક વહીવટ કરવાનું ટાળે છે. ચોક્કસ ઘણા બધા લોકોની માનસિકતામાં નોટબંધી બાદ ફેર આવ્યો છે. હવે વધુ પ્રમાણમા લોકો ઓનલાઈન પેમેન્ટ કરે છે અને ચેક આપવામાં પણ આગ્રહ રાખે છે. નોટબંધી કેટલી સફળ થઈ તે અંગે અલગ અલગ વિચારો હોય શકે પણ હું એટલું ચોક્કસ માનું છું કે વડાપ્રધાન મોદી દ્વારા અલગ અને આકરું પગલું ઉઠાવવામાં આવ્યું હતું. દેશના ભવિષ્ય મતે આ પ્રકારના પગલાં લાંબાગાળે ચોક્કસ ઉપયોગી સાબિત થશે તેવું હું દ્રઢપણે માનું છું.

### CA ASHISH SHAH,
**Junagadh**

નોટબંધીને લીધે કરન્સી નોટનું માત્ર ડિનોમીનેશન અને રંગ બદલાયો છે, રૂપ તો તેનુ તેજ છે. જમીની સ્તરે ખાસ કરીને નાના શહેરો તથા ગામડાઓમાં રોકડના વ્યવહારો પહેલા જેવાજ છે. ક્રેડિટ કાર્ડની સરખામણીમાં યુ.પી.આય. એપલીકેશન તથા આઇ.એમ.પી.એસ. નો ઉપયોગ યુવાનોમાં વધુ જોવા મળે છે. ઓનલાઇન બેંકિંગ ફ્રોડ તથા બેન્કોના નિયમો, ક્રેડિટ કાર્ડના ચાર્જિસ, ને લીધે લોકો ક્રેડિટ કાર્ડ વાપરવામાં ખચકાટ અનુભવે છે. સરકારનું નોટબંધીનું પગલું હકીકતે સારુ હતું પરંતુ, સરકારના પ્લાનિગ વગરના અમલીકરણ તથા લોકોની માનસિકતા, મારા મતાનુસાર નોટબંદીની સફળતામાં અવરોધ રૂપ રહ્યા છે. નોટબંદી પછીના શરૂના બે વર્ષ સુધી એવું મેહસુસ થતું હતું કે ખરેખર લોકોની માનસિકતામાં ફર્ક પડ્યો છે. પરંતુ હાલ ચાર વર્ષ પછી જમીનીસ્તરે એવો કોઈ બદલાવ લાગતો નથી. ટુંકમાં કહીયે તો આ દ્રષ્ટિકોણ સગવડિયા ધર્મ જેવો છે. નોટબંધી બાદ આવકવેરાના રિટર્ન ભરનારાઓ વધ્યા છે નહિ કે ટેક્સ ભરનારાઓ.

### CA Divyesh Sodha,
**Member Direct Tax Committee-WIRC, Tax Today Expert, Porbandar**

Instead of giving my opinion on demonetization in simple words, I would like to present one story:

How we see the same situation from different perspectives...

'Exhibit A'

'A Small Story'

To hunt crocodiles, the pond was dried. No crocodiles were found because they can live on land too. But all the small fish died.

This story has nothing to do with Demonetisation.

'Exhibit B'

'The longer version of the small story'

In another village the pond had really dirty water .. For years (about 60) despite having a huge pond poor farmers had to look upwards to the sky for water for their families ..the pond was never cleaned. The crocodiles were never hunted and no one cared if the fishes died. The water remained murky and could never be used for drinking. The entire village never grew to its potential. Then one day a man took upon himself the challenge and decided to clean the water. Some people who used to sell water tankers to the villagers were not happy and they did every bit to make sure that the man would not succeed. They threw back dirt in water. They pulled out the dead fish and called it outcome of water cleaning act. They blamed it on the guy who was cleaning the water.

While most saw what was happening some still went wayward.

These guys now said that they could still see the crocodile in the water. They said hey.. The crocodiles are still there .. We can clearly see them. So what's changed

Now that's the moral of the story.. This was never about hunting the crocodile...

This was always about giving fresh water to the village and to make sure the crocs are visible. So that if they need to be hunted they can be hunted.

This long story has everything to do with demonetization and as for the man who wanted to clean the water..

He's now planning other clean ups..So..in the end that's just how you look at it...

### CA Monish Shah,
**Vice President- CA Association Ahmedabad, Tax Today Expert, Ahmedabad**

The cash transaction has not reduced even in spite of Demonetization. The amount to be exchanged and printed were to be disproportioned, however finally when it got printed almost same number of money was printed. In addition, there was no backup plan. As we all know India has parallel economy and without any plans or proper preparations it was launched which made it least appreciated initiative. It was taken more as winning UP election then as a national event. As an individual I believe Tax Evaders found their way out from Demonetization.

### અબ્બાસભાઈ સૂમરાણી
**પ્રમુખ ગ્રેન મર્ચન્ટ એસો.**

મારો અનુભવ મુજબ નોટબંધી બાદ 'કેશલેસ' વ્યવહારોમાં મોટા પ્રમાણમા વધારો થયો છે. કરિયાણા જેવા ધંધામાં પણ ચેક-કાર્ડનું પેમેન્ટ વધી ગયું છે. હું માનું છું કે બેન્કના વિવિધ ચાર્જ જેવાકે MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેઈટ) ચેક રિટર્ન ચાર્જ વગેરે જો નાબૂદ કરવામાં આવે/ઘટાડવામાં આવે તો કેશલેસ વ્યવહારોમાં હજુ વધારો થઈ શકે છે.

## નિતિનભાઈ શાહ
### વેપારી અગ્રણી, અમદાવાદ

નોટબંધી બાદ રોકડનુ ચલણ ઘટ્યું છે અને બેંક વ્યવહારોનું પ્રમાણ વધ્યું છે. મારા મતે નોટબંધીની સફળતા જોઈએ તેના કરતાં ઓછી મળી છે. હા પણ બેંકિંગ વ્યવહાર અંગે લોકોની માનસિકતા થોડી વધી છે. હું એવું પણ માનું છું કે નોટબંધી બાદ ટેક્ષ ભરનાર વર્ગમાં થોડો વધારો થયો છે.

## સમીર પી. તેજુરા
### કરવેરા સલાહકાર, પોરબંદર

નોટબંધી પછી જમીન સ્તરે રોકડનું ચલણ જેટલું પહેલા હતું એટલું જ છે અને તેથી અર્થતંત્રમાં કોઈપણ રોકડ ચલણમાં ફેરફાર નથી તેવું હું માનું છુ. પણ હા એ હું ચોક્કસ પણે માનું છું કે બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ તથા વ્યાપ પહેલા કરતાં વધ્યો છે જેના લીધે બેંકોને ખૂબ જ ફાયદો થયો છે. RBI તથા અર્થશાસ્ત્રીઓની સલાહ લઈને ફૂલ પ્રુફ પ્લાનિંગ તથા ચોક્કસ નિયમો અનુસાર જો નોટબંધી કરવામાં આવી હોત તો તે ચોક્કસ સફળ થાત પણ આ નોટબંધી દરમિયાન દરરોજ દરરોજ નવા-નવા નિયમો આવ્યા જેથી તે એટલી સફળ ન રહી જેટલી આશા સેવાઈ રહી હતી. આમાં સૌથી વધારે જન-ધન ખાતા નો ગેરઉપયોગ થયો છે તથા અનેક રાજકીય પક્ષો તથા સહકારી બેંકો એ પણ આનો ખૂબ ફાયદો લીધો છે અને જોવા જેવી તો એક ખૂબી છે કે સો એ સો ટકા જુની નોટો સાથે જાલી નોટો પણ પરત આવી ગઈ જેમાં મોટા પાયે બેંકો પણ સંડોવાયેલ છે તેવું મારૂ માનવું છે. નોટબંધી બાદ પણ નાના તથા મધ્યમ વર્ગના લોકોની માનસિકતામાં કોઈ ફેરફાર નથી આવ્યો અને ઈકોનોમીમાં આજની તારીખે પણ રોકડના વ્યવહારો એટલા જ ચાલી રહ્યા છે. હા, ચોક્કસ પણે કરદાતાઓની સંખ્યામાં નોટબંધી બાદ વધારો આવ્યો છે પણ જોવાની વાત એ છે કે તે લોકો નજીવો કર ભરી રહ્યા છે કારણ કે સામાન્ય કરમર્યાદા પણ આજે પાંચ લાખની છે.

## Yash Buddhdev
### Advocate, Porbandar

There has been slight dip in cash transactions as people are still in shock regarding any undue hastily decision being taken by government. Day to day changes in rules pertaining to SBN (old notes) deposit and no clear roadmap with concerned department is biggest failure which is harassing assesee as well professionals till date. Introduction of higher value denomination of 2000 has triggered hoarding being made easy. There has been marginal change in mindset of people regarding hoarding of cash but overall sentiments of people not having enough trust on government regarding medical and social security have nullified intention of demonetization. There has been slight uptick in tax payer for year in concern but after that there has been no growth as taxpayer base is concerned. But undue harassment to assesse is being carried out branding every assesse as thief or tax evader have led to assesse being feeling traumatized.

## નીરજ કુંડલિયા
### પત્રકાર, રાજકોટ

ભારતમાં નોટબંધી એકંદરે સફળ રહી છે કારણ કે નોટબંધીથી લોકોની માનસિકતામાં મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. મોટા ભાગના લોકો હવે ડિજિટલ પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરી રહ્યા છે. જેને કારણે સરકારને ટેક્સની આવક પણ વધી રહી છે. નોટબંધીને કારણે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાવાળા લોકોની સંખ્યામાં મોટા પ્રમાણે વધારો થયો છે. જેને કારણે સરકાર હવે સાચા લાભાર્થી સુધી યોજના પહોંચાડી શકશે.

## CA રાજેશ પાબારી
### પ્લેસમેંટ કન્સલ્ટન્ટ, મુંબઈ

મને ચોક્કસ પણે એવું લાગે છે કે નોટબંધી ને લીધે કઇંક અંશે રોકડનું ચલણ હરેક સ્તરે ઘટ્યું છે. નોટબંધી ના લીધે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ વધ્યો હોય એવું કહી શકાય નહિ, કારણ કે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ વધવાના ઘણા બીજા કારણો છે, એમાં નોટબંધી ના પગલાં ને કઈ નિસ્બત હોય એવું સ્પષ્ટ પણે ના કહી શકાય.થોડા અંશે એની અસર ક્રેડિટ કાર્ડના ઉપયોગ ઉપર આવી હોઈ શકે કારણ કે રોકડનો ઉપયોગ ઓછો કરવા વાળા કસ્ટમર્સ હવે ક્રેડિટ કાર્ડ સ્વાઇપ કરતા થઇ ગયા હોય એ શક્ય છે. પણ એમાં બેન્કિંગ સેક્ટરે લીધેલા પગલાઓ અને ઉભરતી ઓનલાઇન કંપનીઓ ઘણે અંશે જવાબદાર છે. નોટબંધી સફળ થવા ના અવરોધ માં આપણે ખુદ છીએ જે લાંચ રુશ્વતથી કામ ચલાવવામાં પાછા નથી પડતા અને તે લોકો એમાં અવરોધ છે જેઓ ભ્રષ્ટાચારથી રોકડા ના થેલા ભરે છે. તે લોકો ત્યારે પણ ભરતા હતા અને અત્યારે પણ ભરે છે. એવા કેટલા ગરીબ લોકોના ખાતા વાપરી ને લોકોએ પોતાના જૂની નોટોના કાળા ધન ને બહુ નજીવી કિંમત ચૂકવી ને ધોળા કરવામાં સફળ થયા છે, આ બધા પ્રેક્ટિકલ પાસાઓ ને જો શોધવા બેસીએ તો આપણને સમજ માં આવશે કે નોટબંધી શું કામ નિષ્ફળ ગઈ હોઈ શકે. એની ચર્ચા કરવા બેસીએ તો ગામે ગામ સર્વે કરવા નીકળવું પડે અને ગામ ના ગરીબ લોકો સાથે ચર્ચા કરવી પડે. તો આમ ઊંડા ના ઉતરીયે એમાં ભલાઈ છે. પણ આ વાતોને ભૂલવી તો ના જ જોઈએ. નોટબંધી બાદ લોકોની માનસિકતામાં થોડો ફેરફાર આવ્યો છે. લોકો બને એટલા પ્રયત્નો કરે છે કે રોકડ રકમો ના વ્યવહાર ઓછા કરે. અને બિઝનેસ માં પણ રોકડ નાણાં નો ઉપયોગ થોડા અંશે ઓછો થયો હોય એવું ચોક્કસ લાગે છે. નોટબંધી બાદ ટેક્સ ભરનારાઓની સંખ્યામાં ઘણો વધારો આવ્યો છે. એમાં અમૂક અંશે નોટબંધી અને અમુક અંશે સરકારના ટેક્સ ચોરી પ્રત્યેના કઠણ પગલાઓ અને કઠણ વલણ જવાબદાર છે. સંપૂર્ણ પણે એમ ના કહી શકાય કે નોટબંધી ને લીધે ટેક્સ ભરનારાઓની સંખ્યા માં વધારો આવ્યો છે. પણ આ એક પગલું લોકોને એ સંદેશ આપવા માં સફળ નીવડ્યું હતું કે જે રીતે દેશ ચાલતો આવ્યો છે એ રીતે હવે નહિ ચલાવી લેવામાં આવે. હવે સીધા થઇ ને સીધી રીતે ચાલસો તો ભલે નહીંતર કાન પકડી ને સીધા કરવા માં આવશે. આ સંદેશ લોકો સુધી પહોંચ્યો છે અને લોકો કહ્યા વગર ટેક્સ ચોરી કરવાનું કાં તો ઓછું કર્યું છે કાં તો બંધ કરી દીધું છે. મહત્વ ની વસ્તુ એ નથી કે નોટબંધીને લીધે ડાયરેક્ટ કેટલા ટેક્સ ભરવા વાળાઓ વધ્યા, મહત્વ ની વસ્તુ એ છે કે સરકાર ના આવા સંદેશ થી ટેક્સ ભરવા વાળાઓ વધ્યા અને જે ભરતા હતા પણ ઓછો ટેક્સ ભરતા હતા એ લોકો સીધા દોર થઇ ને વધારે ટેક્સ ભરવા લાગ્યા. એ કેહવું મુશ્કેલ છે કે બધા ૧૦૦% સાચો ટેક્સ ભારે છે. પણ પેહલા જો ૫૦% ભરી ને કામ ચાલતું હતું તો અત્યારે લોકો ૭૫% તો ભરતા જ હશે અને ઘણા ખરા લોકો ૧૦૦% ભરતા હશે એવી ખાતરી છે. આ બધી વાતો નો સર્વે કરી શકાય નહિ એટલે જે સી એ લોકો અર્થ વ્યવસ્થા ની નજીક છે એમના મંતવ્યો લઇ ને ઘણી વસ્તુ જાણી શકો છો. મે મારા મંતવ્યો મારા ચશ્મા થી જોયેલી મારી દુનિયા ના આધારે આપ્યા છે. પણ મને ખાતરી છે કે મારા મંતવ્યો સંપૂર્ણ પણે સાચા ભલે ના હોય શકે પણ ઘણે અંશે સાચા જ છે એવું હું ખાતરી પૂર્વક કહી શકું છું.

## રોનક પલાણ
### CA સ્ટુડન્ટ, કેશોદ

નોટબંધીના કારણે સૌથી મહત્વની અસર એ થઈ કે લોકોએ નાણાંની લેવડ દેવડમાં ટેકનોલોજીનો ઉપયોગ વધાર્યો. ટેકનોલોજિ દ્વારા નાણાંની લેવડદેવડ પૂરી પાડતી કંપનીઓ (મોટાભાગે સ્ટાર્ટઅપ્સ) દ્વારા ગ્રાહકોને પોતાના પ્રત્યે આકર્ષવા 'કેશબેક' તથા 'ડિસકાઉન્ટ' તથા અન્ય ઓફરો આપી. આ કારણે ગ્રાહકોને સીધો ફાયદો થયો. યુવા વર્ગ દ્વારા 'કેશલેસ' ઈકોનોમીનો સ્વીકાર સહજતાથી કરવામાં આવ્યો છે. જેની સામે યુવાવર્ગ સિવાયના લોકો આ 'કેશલેસ' ઈકોનોમીનો હજુ સ્વીકાર કરવામાં ખચકાટ અનુભવે છે. પણ એટલું તો ચોક્કસ છે કે નોટબંધીથી ઈકોનોમી 'Cash Less' નથી થઈ પરંતુ 'Less Cash' તો થઈ જ છે.

## ભાર્ગવ ગણાત્રા
### CA સ્ટુડન્ટ, રાજકોટ

નોટબંધી પછી રોકડના ચલણની વાત જુદા જુદા લઘુ ઉધોગો અને અમુક અંશે મધ્યમ ઉધોગો ને ધ્યાનમા રાખીને કરીએ તો તેના પર એની અસર નહીવત ગણી શકીએ. પરંતુ, હા જો ધંધા સિવાય (વ્યકિતગત) વપરાશને ધ્યાનમા કરીએ તો સારુ એવુ રોકડ ચલણનો ઘટાડો જાણી શકાય છે. જેને પરિણામે બેન્કિગ સેકટરની સેવાઓનો ઘણા વ્યક્તિ ઓ લાભ લઈ રહયા હોય એવુ લાગે છે. નોટબંધીનો જે મુખ્ય હેતુ સફળ થવામા જો કોઈ મુખ્ય અવરોધ રહયો હોય તેની વાત કરીએ તો તે માત્ર 'સિસ્ટમ ફેલ્યુર' ગણી શકાય. નોટબંધી પછી વ્યકિતની રોકડ વપરાશ (વ્યકિતગત વપરાશ માટે) અને કર આયોજન અંગેની માનસિકતા મા સો ટકા જાગૃતતા આવી હોય તેવુ લાગી રહયુ છે. જેને પરિણામે સરકારનુ ડીજીટલ ઈન્ડીયા સપનું ઘણા ખરા અંશે સફળ રહયુ છે. નોટબંધી બાદ કર ભરનારની સંખ્યામાં વધારો થયો છે કે નહી તે ચોકકસ કહેવા માટે તો સરકારી આકડાઓનુ અવલોકન જ જરૂરી બને .હા પરંતુ, એટલુ ચોક્કસ કહીશ કે વ્યકિતની કર આયોજનની જાગૃતતાને લીધે તે કર જવાબદારી ના આવતી હોવા છતા પણ ઈન્કમ ટેકસનુ રિટર્ન ભરતો જરુર થયો છે.

## CA કિરણ શોઢા
### અમરેલી

એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે, મારો અભિપ્રાય છે કે નોટબંધીના લીધે સરકાર કદાચ કાળુનાણુ જોઈએ એટલા પ્રમાણમાં પકડી નથી શકી પણ લોકો ના પૈસા ઑફિશિયલ ચેનલમાં ફરતા થઇ ગયા જે થી કરી ને લોકો હવે એક તથા અન્ય માન્ય ચેનલથી પૈસાનો વ્યવહાર કરે છે. હજી પણ બિઝનેસમેન તથા કરપશન કરનાર લોકો પાસે કાળુ નાણુ છે. સેલેરાઇડ ક્લાસ એકલો એવો છે જે કોઈ પણ જાતની ચોરી વગર ટેક્સ ભરે છે.

નોટબંધીના ચાર વર્ષ બાદ જમીની હકીકતો અંગે અલગ અલગ ક્ષેત્રો સાથે જોડાયેલ વ્યક્તિઓના મત આપવાનો હેતુ એજ છે વિવિધ પ્રકારના અભિપ્રાય દ્વારા વાંચક નોટબાંધીની સફળતા-નિષ્ફળતા, ફાયદા-ગેરફાયદા વિષે પોતાનો અભિપ્રાય બાંધી શકે. આ ઉપરાંત સરકાર-રાજકીય પક્ષો માટે પણ ભવિષ્યમાં આ અંગે નીતિ બનાવવામાં આ પ્રકારના જમીનીસ્તરે કાર્યરત નિષ્ણાંતો-આગેવાનોના મત ઉપયોગી થઈ શકે છે.

અને છેલ્લે એક ટેક્સ એડવોકેટ તથા પત્રકાર તરીકે મારો નોટબંધી અંગેનો અભિપ્રાય આપીશ. ૦૮ નવેમ્બર ૨૦૧૬ ના રોજ જ્યારે નોટબંધીની જાહેરાત વડાપ્રધાન મોદી કરવામાં આવી ત્યારથીજ એક ટેક્સ એડવોકેટ તરીકે અંદાજ આવી ગયો હતો કે વ્યાવસાયિક જીવનમાં એક નવો પડકાર સામે આવી ગયો છે. નોટબંધી જાહેર થતાં રાત્રે જ એવા પ્રશ્નો શરુ થઈ ગયા હતા જે પ્રશ્નોના જવાબ દેવા પડશે તેવું ક્યારેય વિચાર્યુ ના હતું. અસીલવર્ગમાં તવંગર હોય તેવા અસીલો તો નોટબંધી અંગે પ્રશ્નો કરતાં જ હતા પણ પ્રમાણમા મધ્યમ વર્ગના લોકો પણ વ્યથિત બની પ્રશ્નો કરતાં હતા. એક અનુભવ અંગે આપની સાથે વાત કરું તો ૦૯ નવેમ્બર એટલે કે નોટબંધીની જાહેરાતના બીજે દિવસે સવારે જ્યારે હું મોર્નિંગ વોકમાં હતો ત્યારે ગાર્ડનમાં નોટબંધી અંગે જાણવા લોકોનું ટોળું એકત્રિત થઈ ગયું હતું. એમાં એક સામાન્ય વ્યક્તિએ મને પોતાની વ્યથા જણાવતા કહ્યું હતું કે મોદી સાહેબની જાહેરાત પછી આખી રાત મને ઊંઘ આવી નથી. મારી પાસે રહેલા ૫૦ હજાર જેવી રકમ બેંકમાં કેમ મૂકીશ અને તેના ઉપર ટેક્સ વાળા મારી ઉપર કોઈ ગંભીર કાર્યવાહી નહીં કરે તેની સતત ચિંતા સતાવતી હતી!! એક તરફ વિના કારણે ડરવા વાળા આ પ્રકારના લોકો હતા તો બીજી તરફ મોટી રકમની વ્યવસ્થા કેવી રીતે કરશે તેવા પ્રશ્નો કરતાં અસીલો હતા. હા, કરદાતાઓ સાથેજ ટેક્સ એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ટેક્સ પ્રેક્ટિશનર્સ તથા એકાઉન્ટન્ટના જીવનમાં પણ ૩૬૦ ડિગ્રીનું પરીવર્તન આવ્યું હતું. નોટબંધીની જાહેરાતથી લગભગ ડિસેમ્બર ૨૦૧૯ સુધી નોટબંધી ના કેસો ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટમાં ચાલ્યા. જે કેસોમાં મોટી રકમ જમા કરાવવાના કારણે મોટો ઇન્કમ ટેક્સ ભરવાની જવાબદારી ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા ઊભી કરવામાં આવી છે તે માટેની આપીલો વર્ષો સુધી ચાલુ રહેશે. જમીની સ્તરે ટેક્સ અંગેના કેસો સાથે જોડાયેલા હોવાના કારણે એવું ચોક્કસ માનું છું કે નોટબંધીમાં જે કરદાતાઓ વિરુદ્ધ મોટી માંગણાની રકમ ઊભી થઈ છે તેમાથી મોટાભાગની ખોટી અને ટેકનિકલ કારણોસર ઊભી થયેલ છે. સામાન્ય લોકોને રોકડ જમા કરવવામાં અને જરૂરિયાત માટે નવી રકમ ઉપાડવામાં ખૂબ તકલીફો પડી જે આપણે સૌએ જોઈ છે. આ ઉપરાંત કરદાતાઓને પોતે જમા કરાવેલ રકમ સાબિત કરવા જે મુશ્કેલી થઈ છે તેના અમે ટેક્સ પ્રોફેશનલ્સ મૂક સાક્ષી છીએ. કોઈ કરદાતા પોતાની જમા રકમ સાબિત કરવામાં ટેકનિકલ કારણોસર નિષ્ફળ જાય તો ૭૭% જેવો ટેક્સ લાદવામાં આવે તે અમાનવીય ગણાય. મારા અંગત મત પ્રમાણે નોટબંધીનો વિચાર એ ખૂબ જરૂરી અને મહત્વનો નિર્ણય હતો. વડાપ્રધાન મોદીની નીડર વ્યક્તિત્વનો એમાં પ્રભાવ દેખાઈ આવે છે. આ પ્રકારના અલગ તથા સખત નિર્ણયથી તકલીફ તમામને થાય છે પણ લાંબાગાળાના હિત મતે આ પ્રકારના આકરા નિર્ણયો ઉપયોગી થતાં હોય છે. ભારતને Cashless Economy બનાવવી શક્ય નથી પણ Less Cash Economy ચોક્કસ બનાવી શકાય છે. આ બાબતે જો સૌથી મોટો અવરોધ હું કોઈ બાબતને ગણું તો તે છે બેન્ક દ્વારા લેવામાં આવતા ઊંચા ચાર્જને ગણું છું. જો બેન્ક દ્વારા લેવામાં આવતા મોટા ચાર્જને દૂર કરવામાં આવે તો ભારતમાં કેશલેસ વ્યવહારો મોટા પ્રમાણમા વધી શકે છે. અને છેલ્લે એટલું કહી આ લેખ પૂરો કરીશ કે.. Efforts doesn't always give expected results but continuous Honest efforts one day, changes the things surely. **(- ભવ્ય પોપટ, એડિટર-ટેક્સ ટુડે/ધ ડિજિટલ ન્યૂઝ)**

## જી.એસ.ટી. કાયદા હેઠળ ત્રિમાસિક GSTR-1ની તારીખ ઘટાડવામાં આવી

તા. ૧૨.૧૧.૨૦૨૦: જી.એસ.ટી. આર. ૧ ભરવાની તારીખ સામાન્ય રીતે જે તે મહિનો પુર્ણ થયા પછીની ૧૧ તારીખ છે. જ્યાર સમાન્ય રીતે ત્રિમાસિક રિટર્ન ભરવા માટે જે તે ત્રિમાસ પુર્ણ થયા પછી ૩૦ દિવસ જેવો સમય આપવામાં આવતો હતો. પરંતુ હવે આ અંગે ફેરફાર કરી નીચેના ફેરફારો કરવામાં આવ્યા છે.

- ૦૧ જાન્યુઆરી ૨૦૨૦થી ત્રિમાસિક GSTR 1 ભરવા જવાબદાર કરદાતા એ પોતાનું ત્રિમાસિક GSTR 1 ત્રિમાસ પૂરો થયા પછીના ૧૩ દિવસમાં ભરવાનું રહેશે.
- આમ, જાન્યુઆરી થી માર્ચ ૨૦૨૧નું GSTR 1 કરદાતાએ ૧૩ એપ્રિલ સુધીમાં ભરવાનું રહેશે.

ઇન્વર્ડ સપ્લાય ઓટોમેટિક જનરેટ થાય તે હેતુથી આ ફેરફાર કરવામાં આવ્યો છે. ખરીદનાર કરદાતાને ઈન્પુટ ટેક્સ ક્રેડિટ માત્ર વેચનારે આપેલ GSTR 1 ઉપરથી જ આપવામાં આવશે તેવા પ્રયાસો થઈ રહ્યા છે. આ પદ્ધતિ ખરેખર અવ્યવહારિક છે અને આનો જમીની સ્તરે અમલ કરવો ખૂબ મુશ્કેલ સાબિત થશે તેવું માનવમાં આવી રહ્યું છે. **(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

## Important Case Laws with Tax Today

## શું ૫૦૦૦૦થી નીચેના એકથી વધુ બિલોનું ટ્રાન્સપોર્ટેશન થતું હોય ત્યારે ઇ વે બિલ બનાવવું જરૂરી છે?

### બોન કાર્ગોસ પ્રાઈવેટ લી. વી. કેન્દ્ર સરકારના કેસમાં કેરેલા હાઇકોર્ટનો ચુકાદો

**કેસના તથ્યો:** અરજકર્તાએ ગુડ્સ ટ્રાન્સપોર્ટ એજન્સી છે. તેઓને ૧૦.૦૧.૨૦૨૦ ના રોજ G M Impex Pvt Ltd દ્વારા ઈલેક્ટ્રીકલ માલનું વહન સોપવામાં આવ્યું હતું. આ માલનું વહન થતું હતું તે દરમ્યાન મોબાઈલ સ્કોડ દ્વારા રોકવામાં આવ્યું હતું. અમુક બિલોમાં ઇ વે બિલનો ભાગ Bના હોવાના કારણે માલ જપ્ત કરી ટેક્સ અને દંડ લાદવામાં આવ્યો હતો.

**અરજકર્તા/કરદાતાઓ તરફે દલીલ:**

- જ્યારે બિલની રકમ ૫૦૦૦૦ થી ઓછી હોય ત્યારે જી.એસ.ટી. નિયમના નિયમ ૧૩૮ મુજબ ઇ વે બિલ બનાવવું ફરજિયાત નથી.
- ૫૦૦૦૦ થી વધુના બિલો માટે તો ઇ વે બિલ બનાવવામાં આવ્યું જ છે.
- અલગ અલગ HSN કોડ હોવાના કારણે અલગ અલગ બિલ વેચનાર દ્વારા બનાવવામાં આવ્યા હતા.

**જી.એસ.ટી. ખાતા દ્વારા દલીલો:**

વેચનાર દ્વારા ઇ વે બિલ બનાવવાથી છટકવા માટેજ અલગ અલગ બિલો બનાવવામાં આવ્યા છે.

વેચનાર દ્વારા એકજ દિવસમાં ૩ અલગ અલગ બિલો બનાવવામાં આવ્યા છે.

**કોર્ટનો ચુકાદો:**

બન્ને પક્ષોની દલીલો સાંભળી ઇ વે બિલ અંગે જે સૌથી મહત્વનો પ્રશ્ન છે તે એ રહે છે કે શું ૫૦૦૦૦/- નીચેના અલગ અલગ બિલો હોય તો શું ઇ વે બિલ બનાવવું જરૂરી રહે?. આ પ્રશ્ન હાલ કોર્ટ નક્કી કરવા બદલે કોર્ટ હાલ માત્ર માલ જપ્તી અંગે નિર્ણય લઈ રહી છે. હાલ, જપ્તી આદેશમાં દર્શાવવામાં આવેલ રકમ જેટલી બેન્ક ગેરંટી, મેળવી માલ છોડવામાં આવે તેવો આદેશ આ કોર્ટ દ્વારા કરવામાં આવે છે. શું ૫૦૦૦૦/- નીચેના અલગ અલગ બિલો હોય તો શું ઇ વે બિલ બનાવવું જરૂરી રહે? આ પ્રશ્નનો યોગ્ય નિર્ણય આ કેસના સામેવાળા (કેન્દ્ર સરકાર) દ્વારા અરાજકર્તાની દલીલો સાંભળી ન્યાયિક રીતે લેવામાં આવે તેવું ઠરાવવામાં આવે છે.

કેરેલા હાઇકોર્ટ દ્વારા ખૂબ મહત્વના પ્રશ્ન ઉપર હાલ કોઈ ચુકાદો આપવામાં આવ્યો નથી. આમ, આ પ્રશ્ન કે શું ૫૦૦૦૦/- ઉપર ના માલ વહન થતું હોય અને તમામ બિલો જો ૫૦૦૦૦ થી ઓછા હોય તો શું ટ્રાન્સપોર્ટર દ્વારા ઇ વે બિલ બનાવવું જરૂરી છે?? આ અંગે વાત કરતાં ટેક્સ ટુડે એક્સપર્ટ અને પોરબંદરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવ્યેશ સોઢા જણાવે છે કે આ મુદ્દો ખરેખર ખૂબજ ચર્ચાસ્પદ છે. ‘કંસાન્મેંટ’ શબ્દ એ ખૂબ મહત્વનો છે. આ અંગેનું અર્થઘટન અંગે સરકાર દ્વારા સર્ક્યુલર બહાર પાડવામાં આવે અથવા તો કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવે તેની રાહ જોવાની રહી. જોકે એકજ વેચનાર અને એકજ ખરીદનાર હોય ત્યારે ‘મલ્ટિપલ બિલ’ બનાવી ઇ વે બિલ બનાવવાથી બચવાનો પ્રયાસ કરવો ક્યારેય હિતાવહ નથી એવું હું ચોક્કસ માનું છું. અમદાવાદના CA અને ટેક્સ ટુડે એક્સપર્ટ મોનીષ શાહ જણાવે છે કે આ પ્રકારના વ્યવહારોને લાગુ થતો નિયમ ૧૩૮(૭) છે જે હજુ લાગુ કરવામાં આવ્યો નથી. તેઓ દિવ્યેશભાઈ સોઢાના મંતવ્ય સાથે સહમત છે પણ ખોટા ‘લીટીગેશન’ પણ તેઓ માને છે કે આ પ્રકારના કંસાઇનમેંટમાં જો ૫૦૦૦૦ થી નીચેના બિલો પણ હોય તો પણ જ્યારે કુલ માલનું વહન ૫૦૦૦૦ થી વધુ હોય તો ઇ વે બિલ બનાવવું હિતાવહ છે. કાયદા પ્રમાણે તેઓના મતે હાલ ટ્રાન્સપોર્ટર દ્વારા આવા કિસ્સામાં ફરજિયાત ઇ વે બિલ બનાવવાનું રહે નહીં. **(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)**

## ટેકનોલોજિ કરદાતાની સગવડતા માટે હોવી જોઈએ, કરદાતાને હેરાન કરવા માટે નહીં!!: બોમ્બે હાઈકોર્ટ

GST પોર્ટલ સામે આપવામાં આવ્યો મહત્વનો ચુકાદો

**પક્ષકારો: BMW ફાઈનાન્સિયલ સર્વિસીઝ પ્રા. લી વી. ભારત સરકાર, મહારાષ્ટ્ર સરકાર, GST કાઉન્સીલ, GST નેટવર્ક વી.**

**કોર્ટ: બોમ્બે હાઈકોર્ટ**

રીટ પિટિશન નંબર: WP-LD-VC-85 OF 2020

ઓર્ડર તારીખ: ૨૯.૧૦.૨૦૨૦

**કેસના તથ્યો:**

- અરજદાર નાણાકીય સેવાઓ પૂરી પડતી કંપની છે.
- તેઓ મહારાષ્ટ્ર સહિત ૧૪ રાજ્યોમાં GST નંબર ધરાવે છે.
- તેઓએ ૨૭ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ GST હેઠળ અગાઉના કાયદા હેઠળ ખેંચવાની થતી ક્રેડિટ માટેનું ફોર્મ TRANS 1 ભર્યું હતું. અને અંદાજે ૧૭ લાખ જેવી ક્રેડિટ માંગી હતી.
- આ ફોર્મ યોગ્ય રીતે ભરાય ગયું હતું અને આ અંગે ARN પણ તેઓને આપવામાં આવ્યો હતો.
- પરંતુ આ ક્રેડિટ તેઓના ક્રેડિટ લેજરમાં જમા થઈ ના હતી.

**કોર્ટનો ચુકાદો:**

ડિજિટલાઈઝેશન એ કરદાતાઓને મદદરૂપ બનવા થવું જોઈએ, તેમને હેરાનગતિ ઊભી કરવા નહીં. આ કેસમાં એ તથ્ય ઉપર કોઈ સવાલ નથી કે કરદાતા દ્વારા ૨૭ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ TRANS-1 ભરવામાં આવ્યું હતું. જો કોઈ કારણસર આ ક્રેડિટ લેજરમાં આવી ના હોય તો આ અંગે ચકાસણી કરી કરદાતાને આ ક્રેડિટ યોગ્ય જણાય તો આપવી જરૂરી છે. આ અંગે ૪ અઠવાડિયામાં નિર્ણય લેવા સામેવાળા (ડિપાર્ટમેંટ)ને જણાવવામાં આવ્યું હતું.

## જી.એસ.ટી. કાયદા હેઠળ GSTR 1 તથા GSTR 3B રિટર્ન ભરવાના નિયમોમાં કરવામાં આવ્યા મહત્વના ફેરફાર

### નોટિફિકેશન: ૮૧/૨૦૨૦:

**નોટિફિકેશનની મહત્વની બાબતો:**




- GSTR 1 ત્રિમાસિક ધોરણે ભરવા જવાબદાર કરદાતાઓ પાસે ત્રિમાસના પ્રથમ બે મહિના માટે GSTR 1ની જગ્યાએ ‘ઇંવોઇસ ફર્નિશિંગ ફેસિલિટી’ નામની સુવિધા રહેશે.
- આ સુવિધા વડે પ્રતિ માહ મહત્તમ ૫૦ લાખ સુધીના ઇંવોઇસ કરદાતા અપલોડ કરી શકશે.
- આ અપલોડીંગ જે-તે મહિના પછીની ૧ તારીખથી ૧૩ તારીખ સુધી કરી શકાશે.
- આ ‘ઇંવોઇસ ફર્નિશિંગ ફેસિલિટી’ વડે અપલોડ કરેલ બિલોને ફરી GSTR 1માં દર્શાવવાના રહેશે નહીં.
- આ ‘ઇંવોઇસ ફર્નિશિંગ ફેસિલિટી’માં B2B વ્યવહારો ૨.૫ લાખ ઉપરના B2C વ્યવહારોની માહિતી બિલ પ્રમાણે આપવાની રહેશે.
- આ ઉપરાંત ‘ઇંવોઇસ ફર્નિશિંગ ફેસિલિટી’માં B2C વ્યવહારોની રેઈટ પ્રમાણે માહિતી અને ૨.૫ લાખ સુધીના આંતરરાજ્ય વ્યવહારોની માહિતી રાજ્ય પ્રમાણે આપવાની રહેશે.
- આ ઉપરાંત ‘ઇંવોઇસ ફર્નિશિંગ ફેસિલિટી’માં ડેબિટ-ક્રેડિટ નોટની માહિતી આપવાની રહેશે.
- કરદાતાઓ માટે ઇનવર્ડ સપ્લાય દર્શાવવા માટે ફોર્મ ઓટો પોપ્યુલેટ થશે.
- કંપોઝીશનના કરદાતાઓ માટે GSTR 4A અને એ સિવાયના કરદાતાઓ માટે GSTR 2A પરથી આ માહિતી લેવાની રહેશે.
- ઇમ્પોર્ટ ઉપર ભરેલ IGSTની માહિતી પણ GSTR 2Aમાં આપવામા આવશે.
- કરદાતાઓને GSTR 2Bમાં મળવાપાત્ર ઈન્પુટ ટેક્સ ક્રેડિટની માહિતી આપી દેવામાં આવશે.
- જે કરદાતાઓનું પાછલા વર્ષનું ટર્નઓવર ૫ કરોડ સુધીનું હોય તેવા કરદાતા માટે ૦૧ જાન્યુઆરી ૨૦૨૧ થી નીચેના ફેરફારો લાગુ પડશે.

- આવા કરદાતાઓ ગુજરાત-દમણ દીવ જેવા ગ્રૂપ ૧ના રાજ્યોમાં ધંધાનું મુખ્ય સ્થળ ધરાવતા હોય તો જે તે ત્રિમાસ પૂર્ણ થયાની ૨૨ તારીખ સુધીમાં પોતાનું ત્રિમાસિક GSTR 3B ભરી શકશે.
- ગ્રૂપ B રાજ્યોમાં ધંધાનું મુખ્ય સ્થળ ધરાવતા કરદાતા જે તે ત્રિમાસ પૂર્ણ થયાના ૨૪ તારીખ સુધીમાં GSTR 3B ત્રિમાસિક ધોરણે ભરી શકશે.
- આ પ્રકારે ત્રિમાસિક GSTR 3B ભરવા જવાબદાર કરદાતાઓએ પોતાને ભરવા પાત્ર ટેક્સ PMT 06માં માસિક ધોરણે ભરવાનો રહેશે.
- ત્રિમાસિક રિટર્ન ભરવા હક્કદાર કરદાતાઓએ ટેક્સ જે-તે મહિના પછીની ૨૫ તારીખ સુધીમાં ભરી આપવાનો રહેશે.

**લેખક નોંધ:**

- ‘ઇંવોઇસ ફર્નિશિંગ ફેસિલિટી’ નામે જે સુવિધા શરૂ કરવા જઇ રહ્યા છે તે સુવિધાના કારણે માસિક રિટર્ન ભરવા જવાબદાર કરદાતાઓ, ત્રિમાસિક રિટર્ન ભરવા જવાબદાર કરદાતાઓ પાસેથી ખરીદી કરશે તો પણ તેમને નિયમ ૩૬(૪) હેઠળ ક્રેડિટ લેવામાં મુશ્કેલી નહીં પડે. આ એક આવકારદાયક સુધારો છે.
- પરંતુ ફરી ઇંવોઇસ પ્રમાણે રિયલ ટાઈમ મેચિંગ કોન્સેપ્ટમાં ઉતારવા GSTN દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે. ૧ થી ૧૩ તારીખ સુધીમાં કરદાતાના વેચનારો દ્વારા જે ઇંવોઇસ અપલોડ થાય તેની ક્રેડિટ જ કરદાતાને આપવી એ ખૂબ અન્યાયી બાબત ગણાય. અગાઉજે GSTR 2માં મુશ્કેલી ઊભી થઈ હતી એ જ મુશ્કેલી આ નવી પદ્ધતિમાં થશે તેવું હું ચોક્કસ માનું છું. આજ કારણે આ પદ્ધતિ પણ GSTN દ્વારા પરત લેવી પડશે તેવું હું માનું છું.
- નાના કરદાતાઓને ત્રિમાસિક 3B ભરવાનો લાભ આપવામાં આવ્યો છે તે આવકાર દાયક છે. PMT 06નું ફોર્મ આવા કરદાતાઓ પૈકી ટેક્સ જેમને ભરવાપાત્ર હોય તેવા કરદાતાએ ચોક્કસ ભરવાનું છે. પણ જે કરદાતાઓ ને ટેક્સ ભરવાનો થતો નથી તેમણે PMT 06 ફોર્મ ભરવામાંથી પણ મુક્તિ મળશે. આ ઉપરાંત GSTR 3Bમાં જે લેઈટ ફી લાગે છે તેમાંથી પણ નાના કરદાતાઓને રાહત મળશે. **(ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)**

(આ લેખ નોટિફિકેશન ઉપર લેખકના અંગત અભિપ્રાય છે)

## જી.એસ.ટી. કાયદા હેઠળ બહાર પાડવામાં આવ્યા નોટિફિકેશન જે જાણવા છે તમારા માટે જરૂરી

તા. ૧૨.૧૧.૨૦૨૦: જી.એસ.ટી. કાયદા હેઠળ બહાર પાડવામાં આવેલ નોટિફિકેશન નંબર ૮૬, ૮૭, ૮૮ ની સરળ ભાષામાં સમજૂતી

જી.એસ.ટી. કાયદા હેઠળ તા. ૧૦.૧૧.૨૦૨૦ના રોજ કુલ ૮ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યા છે. આ પૈકી નોટિફિકેશન ૮૧ થી ૮૫ સુધીના નોટિફિકેશનના અલગ અલગ લેખ લખવામાં આવેલ છે. જ્યારે નોટિફિકેશન ૮૬, ૮૭, ૮૮ ની સંક્ષિપ્ત સમજૂતી આ લેખમાં આપવામાં આવી છે.

**નોટિફિકેશન ૮૬/૨૦૨૦, તા: ૧૦.૧૧.૨૦૨૦;**

- આ નોટિફિકેશન દ્વારા અગાઉ બહાર પડેલ નોટિફિકેશન ૭૬/૨૦૨૦ તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૦ ને રદ્દ કરવામાં આવેલ છે.
- નોટિ. ૭૫/૨૦૨૦ વડે ઓક્ટોબર ૨૦૨૦ થી માર્ચ ૨૦૨૧ની GSTR 3Bની તારીખો જાહેર કરવામાં આવેલ હતી.
- હવે જ્યારે ૧૦.૧૧.૨૦૨૦ના રોજ GSTના નિયમ ૬૧(૫)માં ફેરફાર કરવામાં આવ્યા હોય આ તારીખ અમલમાં રહેવી શક્ય ના હોય, નોટિફિકેશન ૭૬/૨૦૨૦ રદ્દ કરવામાં આવેલ છે.

**નોટિફિકેશન ૮૭/૨૦૨૦, તા: ૧૦.૧૧.૨૦૨૦;**

- આ નોટિફિકેશન દ્વારા જોબ વર્ક માટે ભરવાનું થતું ITC-04 ફોર્મની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે.
- જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૦ના ITC 04 ફોર્મ્સ ૩૦ નવેમ્બર સુધી ભરી શકાશે.

**નોટિફિકેશન ૮૮/૨૦૨૦, તા: ૧૦.૧૧.૨૦૨૦;**

- જી.એસ.ટી. હેઠળ ‘ઇ ઇનવોસ’ બનાવવું અમુક પ્રકારના કરદાતાઓ માટે ફરજિયાત બનાવવામાં આવ્યું છે.
- ૦૧ જાન્યુઆરીથી ૧૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે ઇ ઇંવોઇસ બનાવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.
- અગાઉ આ ઇ ઇંવોઇસ ૫૦૦ કરોડ ઉપરના ટર્નઓવર માટે લાગુ પડતું હતું. હવે આ નિયમો ૧૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવનારાને લાગુ પડશે.

CBIC દ્વારા દિવાળીના તહેવારોમાં ૮ જેટલા મહત્વના નોટિફિકેશન બહાર પાડી ટેક્સ પ્રોફેશનલ્સને દિવાળી દરમ્યાન પણ જી.એસ.ટી.થી નજીક રહેવા સામગ્રી પૂરી પાડી છે. **(ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

**ઓફિસ સ્ટાફ મેમ્બર માટે એર કન્ડિશનર, મોબાઈલ અને કમ્પ્યુટર પ્રિન્ટર જેવી આઈટમની ખરીદી કરવામાં ભરેલ જી.એસ.ટી. ની ક્રેડિટ મળી શકે કે નહીં? – હિત લીંબાણી**

જવાબઃ- હા, જો ઓફિસના ઉપયોગ માટે આ ખરીદીઓ કરવામાં આવેલ હોય તો તેને in furtherance of business ગણાય અને આ ખરીદીની ક્રેડિટ મળે.

**મારા અસીલ બેન્ટોનાઈટ મિનરલ્સ મેન્યુફેકચરીંગ અને ટ્રેડિંગનો બિઝનેસ છે જેઓ પોતાનો માલ એક્સપોર્ટ પણ કરે છે મારો પ્રશ્ન છે કે એક્સપોર્ટમાં Without payment of Tax કરીએ તો જીએસટીમાં રિફંડ મળી શકે? રિફંડ મેળવવાની પ્રક્રિયા કેવી રીતે હોય છે? અને એક્સપોર્ટ કરવામાં જીએસટી રિફંડ સિવાય બીજા કયા કયા બેનિફિટ્ મળી શકે એ પણ જણાવશો? – પિયુષ લીંબાણી**

જવાબઃ હા, આ પ્રકારના એક્સપોર્ટમાં Without Payment Of Tax રિફંડનો વિકલ્પ મળે. કેવી રીતે મળે અને ક્યાં અન્ય બેનિફિટ મળી શકે તે સંપૂર્ણ પ્લાનિંગનો પ્રશ્ન હોય જરૂર પડે તો વ્યાવસાયિક રીતે ટેક્સ ટુડે એક્સપર્ટની સલાહ લઈ શકો છો.

**અમારે જી.એસ.ટી. કાયદાની કલમ ૭૭ હેઠળ ખોટા હેડ નીચે ભરાયેલ ટેક્સનું રિફંડ માંગી રહ્યા છીએ. પરંતુ RFD-01 ભરવા સમયે ઓર્ડર નંબર તથા તારીખ પૂછે છે. જેના વગર અરજી આગળ વધતી નથી. આ ઓર્ડર નંબર તથા તારીખમાં શું લખી શકીએ તે અંગે માર્ગદર્શન આપવા વિનંતી. – હર્ષિત જૈન**

જવાબઃ જી.એસ.ટી. કાયદા હેઠળ ખોટા ભરાયેલ રકમના રિફંડ બાબતે કોઈ ઓર્ડર હોય શકે નહીં. આ અંગે GSTN ઉપર ગ્રીવાન્સ કરવી જરૂરી છે. આ પ્રકારના ખોટા ભરાયેલ વેરામાં GSTR 3Bમાં જો શક્ય હોય તો સર્ક્યુલર ૨૬/૨૦૧૭ દ્વારા રકમ સેટ ઓફ કરવાનો સમય હોય તો રિફંડ લેવા કરતાં એ વધુ સારો વિકલ્પ રહે.

**જી.એસ.ટી. કાયદા હેઠળ ભરવા પાત્ર GSTR 10 માં NIL પત્રક હોય તો પણ લેઈટ ફી લાગુ પડે? – એક વેપારી, ઉના**

જવાબઃ હા, GSTR 10 NIL ફાઈલ કરવામાં આવે તો પણ મોડુ ભરવામાં આવે તો લેઈટ ફી લાગુ પડે. હાલ, ૩૧.૧૨.૨૦૨૦ સુધી જો આ GSTR ભરવામાં આવે તો નોટિફિકેશન ૬૮, ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૦ મુજબ ૫૦૦ રૂ નીજ લેઈટ ફી લાગે જે બાબત ધ્યાને લઈ હાલ બાકી GSTR 10 ભરી આપવા જોઈએ.

**અમારા અસીલ દ્વારા પોતાના ધંધાના માલ ની ડિલિવરી માટે ટાટા એસ ની ખરીદી કરવામાં આવેલ છે. શું આ ટાટા એસ ની ખરીદીની ક્રેડિટ તેઓને મળે?**




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

જવાબઃ હા, માલની ડિલિવરી કરવા વાપરવામાં આવતા ટાટા એસ ની ખરીદીની ક્રેડિટ તમારા અસીલ ને મળે. આ ક્રેડિટ કલમ ૧૭ હેઠળ બ્લોક ક્રેડિટમાં ના ગણાય.

**લાઇન સેલ્સનું ઇ વે બિલ બનાવવામાં આવ્યું હોય તો સિસ્ટમ અંતર તો એ એક ગામથીજ ગણે છે. જ્યારે અમારે લાઇન સેલ્સમાં ઘણા અલગ અલગ ગામોમાં જવાનું થાય. તો આવા સંજોગોમાં અમારે લાઇન સેલમાં અંતર કેવી રીતે લખવું જોઈએ? – એક વેપારી, ઉના**

જવાબઃ લાઇન સેલ્સમાં ઇ વે બિલ બનાવવામાં ઘણી દ્વિધાઓ રહેલી છે. અમારા મતે લાઇન સેલ્સના ઇ વે બિલમાં જે છેલ્લું ગામ હોય તેનું અંતર લખવામાં આવે તો ચાલે. કોઈ ચકાસણી રસ્તામાં કરવામાં આવે તો અધિકારીને આ અંગે ખુલાસો દઈ શકાય છે.

**અમે ફેરી કરવા નિકળીએ ત્યારે અમારી પાસે ઓર્ડર નક્કી હોય અને એક વેપારીનું બિલ ૫૦૦૦૦ થી ઓછું હોય તો શું ઇ વે બિલ બનાવવું ફરજિયાત બને? માલમાં વાહન થતો કુલ માલ ૫૦૦૦૦ થી વધુ હોય છે. આવી રીતે અમે જ્યારે ફેરી માટે નિકળીએ ત્યારે ક્યારેક ઓર્ડર નક્કી હોતો નથી. જ્યારે ઓર્ડર મળે ત્યારે બિલ બનાવતા હોઈએ છીએ. માલની રકમ ૫૦૦૦૦ થી વધુ હોય તો ઇ વે બિલ બનાવવું પડે? – એક વેપારી, ઉના**

જવાબઃ હા, જો વાહનમાં વહન થતાં માલનું મૂલ્ય ૫૦૦૦૦ થી વધુ હોય તો જી.એસ.ટી. હેઠળ ઇ વે બિલ બનાવવું ફરજિયાત નથી. પણ શક્ય હોય તો આ પ્રમાણે બિલ બનાવવું હિતાવહ છે. જ્યારે ખરીદનાર નક્કી હોય ત્યારે ખરીદનાર પ્રમાણે અને નક્કી ના હોય ત્યારે ફેરી દરમ્યાન લાઇન સેલનું બિલ બનાવવાનું રહે તેવો અમારો મત છે.

**જીએસટી નું વેચાણ નાણાકીય વર્ષમાં ફક્ત ૨૦,૦૦૦ નુ જ છે તો શું જીએસટી નંબર કેન્સલ કરવામાં માં બંધ સ્ટોક પર જીએસટી ભરવો પડે? ૩૧/૦૩/૨૦૨૦ ના રોજ ૩૦,૧૨,૧૫૦ બંધ સ્ટોક છે. – જયેશ વનેલ, એકાઉન્ટન્ટ, સુરત**

જવાબઃ હા, જી.એસ.ટી. કાયદાની કલમ ૨૯(૫) હેઠળ સ્ટોકમાં રહેલ માલ ઉપર જી.એસ.ટી. ભરવો પડે. પરંતુ જો સ્ટોકમાં રહેલ માલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવામાં ના આવેલ હોય તો આ ટેક્સ ભરવામાં મુક્તિ મળી શકે. આ જોગવાઈને વેચાણની મર્યાદા સાથે કોઈ સબંધ નથી.

**અમારો નોંધણી નંબર દીવમાં હતો. આ નંબર દાદરા નાગર હવેલી સાથે દીવ મર્જ થતાં ૩૧ જુલાઈ ૨૦૨૦ થી સુઓ મોટો રજીસ્ટ્રેશન કેન્સલ કરી આપ્યો છે. શું આ સુઓ મોટો કેન્સલ નંબર માટે પણ શું GSTR 10 ફાઈલ કરવું પડે? – કૌશલ પારેખ, દીવ**

જવાબઃ હા, જી.એસ.ટી. કાયદાની કલમ ૪૫ હેઠળ જી.એસ.ટી.આર. ૧૦ ભરવું ફરજિયાત છે.

**ટેક્સટાઈલ કાપડના વેપાર કરતી પેઢીમાં અમોએ સપ્ટેમ્બર ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૯ માં રિફંડ અરજી કરી છે. ઓગસ્ટના રિફંડ માટેની અરજી કરી નથી. શું અમારે સપ્ટેમ્બર ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૯ નું રિફંડ મેળવવા જુલાઈ ૨૦૧૮ સુધીની ક્રેડિટ રિવર્સ કરવાની રહે? – શૈલેષભાઈ જોશી, જેતપુર**

જવાબઃ જુલાઈ સુધીની ક્રેડિટ રિવર્સ કરવાની અમારા મતે રહે નહીં. આ માટે શબનમ પેટ્રોફીલ્સ પ્રા. લી. (TS-575-HC-2019-NT)નો ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જોઈ લેવા વિનંતી.

**લાઈન સેલ્સ માટે શું ડિલિવરી ચલણ આપી શકાય? શું લાઈન સેલ્સનો સમાવેશ જી.એસ.ટી. નિયમના 55(c)ના અપવાદમાં થાય છે? – ઈમરાન ચોરવાડા, એડવોકેટ, ઉના**

જવાબઃ હા, અમારા મતે જ્યારે લાઈન સેલ્સ માટે વેપારી નીકળે ત્યારે જો ખરીદનાર નક્કી ના હોય તો જી.એસ.ટી. નિયમોના નિયમ 55(1)(c)માં પડે અને ડિલિવરી ચલણ આપી શકાય છે.

## ઈન્કમ ટેક્સ

**મારા અસીલનું વર્ષ ૨૦૧૯–૨૦૨૦ માં ટર્નઓવર GST સાથે રૂ. ૬૬.૦૬ લાખ છે. અમો એ ગ્યાં ગયા વર્ષમાં નફો ૮%થી ઓછો હોય સેકસન 44AB(e) અંતર્ગત ટેક્સ ઓડિટ કરેલ હતું આ નફો ૮% થી વધારે છે તો શું અમો 44adનો લાભ લઈ શકીએ કે પછી ૫ વર્ષ સતત ઓડિટ કરવું પડે? ૫ વર્ષના ઓડિટ વાળા નિયમો ની વિગતે ચર્ચા કારશો. – CA કલ્પેશ પટેલ**

જવાબઃ- ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44ADના લાભ માટે એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે જે વર્ષમાં ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44AD હેઠળ લાભ લેવામાં આવ્યો હોય ત્યારબાદ જ્યાં સુધી કરદાતા 44AD માટે એલીજીબલ હોય ત્યાં સુધી ઓડિટ કરવામાં આવ્યું હોવું જોઈએ નહીં. ગયા વર્ષે (૨૦૧૮-૧૯ માં) ઓડિટ કરાવ્યુ હતું તેથી વધુ મહત્વનુ છે કે ૨૦૧૭-૧૮ માં શું કરદાતાએ આ કલમ 44ADનો લાભ લીધો હતો? જો ૨૦૧૭-૧૮ માં લાભ લેવામાં આવ્યો હોય અને ૨૦૧૮-૧૯ માં એલીજીબલ હોવા છતાં જો ઓડિટ કરવવામાં આવ્યું હોય તો ત્યાર પછીના ૫ વર્ષ સુધી કરદાતાને 44ADનો લાભ ના મળે. ટૂંકમાં કહીએ તો જ્યાં સુધી ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 44AD હેઠળ એલીજીબલ એસેસી બનતા હોય અને એક વર્ષ લાભ લઈ પછીના વર્ષ આ લાભની ચેઈન તોડવામાં આવે તો પછીના ૫ વર્ષ આ સેક્શનનો (સેક્શન 44AD)નો લાભ કરદાતાને મળી શકે નહીં.

**એક કરદાતાએ બે રહેણાંકી મિલકતનું વેચાણ કરેલ છે. ૧ મિલકત નાણાકીય વર્ષ ૨૦૧૯ ૨૦ મા રૂ ૧૦ લાખમાં વેંચવામાં આવી છે જ્યારે અન્ય ઘર નાણાકીય વર્ષ ૨૦૨૦ ૨૧ માં ૫ લાખમાં વેંચવામાં આવ્યું છે. કરદાતાએ કલમ ૫૪ હેઠળ એક નવું ઘર નાણાકીય વર્ષ ૨૦ લાખમાં ખરીદવામાં આવ્યું છે. મારો પ્રશ્ન એ છે કે શું તેઓને નાણાકીય વર્ષ ૨૦૧૯ ૨૦ માં વેચાણ કરેલ ઘર તથા ૨૦૨૦–૨૧ માં વેચાણ કરેલ ઘર બંનેની રકમ માટે કલમ ૫૪નો લાભ મળી શકે? – મંથન સરવૈયા**

જવાબઃ હા, અમારા મતે ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ બન્ને રહેણાંકી ઘર ના વેચાણ માટે, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં ખરીદેલ નવા ઘરની રકમ માટે કરમુક્તિનો લાભ મળી શકે.

## જી.એસ.ટી. હેઠળ નાના કરદાતાઓને રાહતઃ હવે ભરી શકશે ટેક્સ અંદાજિત ધોરણે...

તા. ૧૨.૧૧.૨૦૨૦: ત્રિમાસિક GSTR 3B ભરવા હક્કદાર કરદાતાઓ ત્રિમાસના પ્રથમ બે મહિના માટે જી.એસ.ટી. અંદાજિત ધોરણે ભરી શકશે.

CBIC દ્વારા નોટિફિકેશન ૮૪/૨૦૨૦, તા. ૧૦.૧૧.૨૦૨૦ બહાર પાડી નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

- ૫ કરોડ સુધીના કરદાતાઓને નોટિફિકેશન ૮૧/૨૦૨૦, તા. ૧૦.૧૧.૨૦૨૦ દ્વારા જી.એસ.ટી. નિયમોમાં બદલાવ કરી ત્રિમાસિક GSTR 3B ભરવાની છૂટ આપવામાં આવેલ છે.
- આ પ્રકારના કરદાતાઓને નિયત શરતોને આધીન ત્રિમાસના પ્રથમ બે મહિનાઓ માટે અંદાજીત ધોરણે ટેક્સ ભરવા છૂટ આપવામાં આવેલ છે.
- આવા કરદાતાએ અગાઉના ત્રિમાસિક ગાળામાં/માસિક રિટર્નમાં કેશ લેજર ડેબિટ કરી ભરેલ કુલ ટેક્સના ૩૫% રકમ ઈલેક્ટ્રોનિક કેશ લેજરમાં ભરી આપવાની રહેશે.
- NIL ટેક્સ ભરવા પાત્ર કરદાતા કે કેશ લેજરમાં અથવા ક્રેડિટ લેજરમાં ભરવા પાત્ર ટેક્સથી વધુ રકમ જમા હોય તેવા કરદાતાએ આ પ્રમાણે અંદાજિત ધોરણે ટેક્સ ભરવાની જરૂર રહેશે નહીં.
- આ જોગવાઈ ૦૧ જાન્યુઆરી ૨૦૨૧ થી લાગુ પડશે.
- આ પ્રકારની અંદાજિત ટેક્સ ભરવાની સગવડ માત્ર એવા કરદાતાઓને મળશે જેમણે અગાઉના સમય માટેના 'સંપૂર્ણ ત્રિમાસિક ગાળા' તમામ પત્રકો ભરેલા હશે. 'સંપૂર્ણ ત્રિમાસિક ગાળા' એટ્લે સંપૂર્ણ ૩ માસનો સમય. ઉદાહરણ તરીકે કોઈ કરદાતા ૧ નવેમ્બર ૨૦૨૦ ના રોજ રજીસ્ટર થાય, અને ૧ નવેમ્બર થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦નું રિટર્ન ભારે તો તે આ લાભ માટે 'એલીજીબલ' ગણાશે નહીં. આવા કરદાતાએ આ રાહતો નો લાભ મેળવવા ૧ ત્રિમાસ એટ્લે કે જાન્યુઆરીથી માર્ચનું રિટર્ન ભરવાનું રહેશે.

**લેખક નોંધઃ** આ સુધારાનો હેતુ ચોક્કસ નાના કરદાતાઓને રાહત આપવાનો છે પણ જમીની સ્તરે આ પ્રકારે ટેક્સ ભરવા ખૂબ મુશ્કેલ સાબિત થશે. **(ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે)**

◆ Year: 5, ◆ Issue No.2, ◆ Continue Issue No.49, ◆ Date: 21/11/2020, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- (With Courier Rs.300/-) ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat, ◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.